# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: Thursday** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) ભારત અને જાપાનના સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં દરિયાઈ સુરક્ષા સહયોગ પર સમજૂતી કરાર થયા

2) સર્વોચ્ચ અદાલતે દિલ્હીમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા બળપ્રયોગોની તપાસ માટે પાંચ સભ્યોની તપાસ સમિતિની રચના કરી

3) ઝારખંડ JPSC સિવિલ સેવા પરીક્ષા અને ફૂડ સેફ્ટી ઓફિસર ભરતી દ્વારા કરવામાં આવેલી નિમણૂકોને રદ કરવાના નિર્ણય પર ઉચ્ચ ન્યાયાલયે આગામી આદેશ સુધી રોક લગાવી

4) બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વરિષ્ઠ નેતા મિર્ઝા ફખરુલ ઇસ્લામ આલમગીર આજે દેશના 23મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા

5) BWF વિશ્વ ચેમ્પિયનશિપમાં ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય મહિલા ડબલ્સ જોડીએ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INDIA JAPAN DEFENCE MINISTERS MEETING

ભારત અને જાપાનના સંરક્ષણ મંત્રીઓની બેઠક આજે નવી દિલ્હીમાં યોજાઈ હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને જાપાનના સંરક્ષણ મંત્રી શિંજીરો કોઈઝુમીએ બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. બેઠકમાં દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવા, 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ સંરક્ષણ ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા અને વ્યૂહાત્મક વિશ્વાસ વધારવા પર ચર્ચા થઈ હતી. બંને મંત્રીઓએ દરિયાઈ સુરક્ષા સહયોગ પર એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

શ્રી રાજનાથે જાપાનના કુમામોટો વિસ્તારમાં આવેલા ભીષણ ભૂકંપ બાદ ભારત તરફથી સંવેદના અને એકજૂથતા વ્યક્ત કરી હતી.

## (BYTE: RAJNATH SINGH)

*हम यह दोहराते है कि कठिन समय में भारत किसी भी जरूरी एसिस्टेंट, रिलीफ और सपोर्ट प्रोवाइड करने के लिए पूरी तरह से दृढसंकल्पित है। हमारे दोनों देशों के संबंध साझे लोकतांत्रिक मूल्यों, परस्पर संबंध और एक पुराने सिविलाइज्ड कनेक्ट पर आधारित है। अगले वर्ष हम अपने डिप्लोमेटिक रिलेशन के 75 इयर्स मनाएंगे और इन वर्षों के दौरान हमारी यह दोस्ती सिर्फ हमारे दोनों देशों के लिए ही नहीं, बल्कि पूरे इंडोपेसिफिक क्षेत्र में स्टेबिलिटी, रेजीलेंस और रूल्स बेस्ड ऑर्डर का एक कॉर्नर स्टोन बन गई है।*

શ્રી કોઈઝુમીએ કુમામોટોમાં ભૂકંપથી પ્રભાવિત લોકો પ્રત્યે ભારતની સંવેદના બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આ બંને દેશો વચ્ચેના સહયોગનું પ્રતીક છે, જ્યાં મુશ્કેલ સમયમાં બંને દેશો એકબીજાને મદદ કરી શકે છે.

# INDIA-NEPAL BORDER

ભારત અને નેપાળ વચ્ચે સરહદ વ્યવસ્થાપન પર ચોથી સંયુક્ત કાર્ય જૂથની બેઠક આજે ઉત્તરાખંડના દહેરાદૂનમાં શરૂ થઈ છે. બે દિવસની આ ઉચ્ચસ્તરીય બેઠકમાં સરહદ સુરક્ષા અને માળખાકીય સુવિધાઓને મજબૂત કરવા તથા પરસ્પર હિતના અન્ય મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

# SC DELHI PROTECTION

સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ અને સુરક્ષા કર્મચારીઓ દ્વારા જરૂરિયાત કરતાં વધુ બળપ્રયોગ કરવા તેમજ પોલીસ કર્મચારીઓ સામે હિંસાના આરોપોની તપાસ માટે પૂર્વ ન્યાયમૂર્તિ આર. સુભાષ રેડ્ડીની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની ઉચ્ચાધિકાર સંપન્ન તપાસ સમિતિની રચના કરી છે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી તથા વી. મોહનાનીની ખંડપીઠે જણાવ્યું કે સમિતિમાં પંજાબ અને હરિયાણા ઉચ્ચ અદાલતના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ રવિ શંકર ઝા, દિલ્હી ઉચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ શલિંદર કૌર, સીબીઆઈના પૂર્વ ડિરેક્ટર ઋષિ કુમાર શુક્લા અને મેઘાલયના નિવૃત્ત ડીજીપી એલ.આર. બિશ્નોઈ પણ સામેલ હશે. સર્વોચ્ચ અદાલતે સૂચન કર્યું કે ઉચ્ચસ્તરીય તપાસ સમિતિ કેટલાક મુદ્દાઓ પર પ્રાથમિકતાના આધારે કામ કરે , જેમાં સૌથી મહત્વપૂર્ણ મુદ્દો મહિલા પ્રદર્શનકારીઓ સામે લક્ષિત હિંસા , ઉત્પીડન અને છેડતીની કથિત ઘટનાઓ સાથે જોડાયેલો છે.

# REV JHARKHAND HC - RECRUITMENT EXAMS

ઝારખંડ ઉચ્ચ ન્યાયાલયે આજે રાજ્ય સરકારના 11 મી થી 13 મી JPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાઓ અને ફૂડ સેફ્ટી ઓફિસર ભરતી દ્વારા કરવામાં આવેલી નિમણૂકો રદ કરવાના નિર્ણય પર આગામી આદેશ સુધી રોક લગાવી છે. ન્યાયમૂર્તિ દીપક રોશને સરકારના એ જાહેરનામાને પડકારતી ત્રણ અલગ-અલગ અરજીઓ પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો.

અદાલતે નિર્દેશ આપ્યો કે પસંદગી પામેલા ઉમેદવારોને બહાલ કરવામાં આવે. યોગ્ય પ્રક્રિયા અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કર્યા વિના તેમને હટાવી શકાય નહીં. અદાલતે રાજ્ય સરકાર અને ઝારખંડ જાહેર સેવા આયોગ પાસે જવાબ માંગ્યો છે અને આગામી સુનાવણી માટે 15 સપ્ટેમ્બરે રાખી છે.

# UTTARAKHAND - IAS TRAINING

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે ઉત્તરાખંડના મસૂરી સ્થિત લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન ખાતે 2024 બેચના IAS તાલીમાર્થી અધિકારીઓના દ્વિતીય તબક્કાના તાલીમ સમાપન સમારોહને સંબોધિત કર્યો હતો.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું કે સિવિલ સેવાઓએ દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે અને ગ્રાઉન્ડ લેવલે નીતિઓનો અમલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમણે ઉમેર્યું કે સાચું નેતૃત્વ સત્તા કે પદથી નહીં , પરંતુ પડકારજનક સંજોગોમાં પણ નૈતિક રીતે કાર્ય કરવાની ક્ષમતાથી માપવામાં આવે છે.

# TAMIL NADU - AMIT SHAH

ચેન્નાઈ નજીક મહાબલીપુરમમાં ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં 31મી દક્ષિણ ક્ષેત્રીય પરિષદની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓએ ચર્ચા કરી હતી તથા ક્ષેત્રની પ્રગતિ, વિકાસ અને હિતો સાથે જોડાયેલા સામાજિક મુદ્દાઓ તેમજ પ્રાથમિકતાઓ પર વિચાર-વિમર્શ કર્યો હતો.

# AMIT SHAH CONGRESS

ગૃહ મંત્રી અમિત શાહે કોંગ્રેસ કાર્ય સમિતિ દ્વારા પૂરું 'વંદે માતરમ' ગાવાને બદલે માત્ર બે જ છંદ ગાવાના નિર્ણયની ટીકા કરી છે. તેમણે કહ્યું કે આ સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા કાયદાનું ખુલ્લું ઉલ્લંઘન છે અને રાષ્ટ્રવિરોધી છે.

પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી શાહે આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ ફરી એકવાર વોટ બેંકની રાજનીતિ માટે તુષ્ટીકરણનો રસ્તો અપનાવી રહી છે.

## (BYTE: AMIT SHAH)

***मेरे देश की जनता को अपील करना चाहता हूं कि एक बार इस देश ने गलती करी थी, वंदे मातरम के दो टुकड़े होने देने की और एक गलती के गंभीर परिणाम हमने भुगते हैं। अब देश की जनता एकजुट हो और कांग्रेस पार्टी के इस फैसले के खिलाफ आवाज बुलंद करें कि अब इस देश में तुष्टीकरण की राजनीति नहीं चलेगी। आजादी के 80 साल के बाद 1937 में जो फैसला कांग्रेस ने किया था, जिसको नरेन्द्र मोदी जी ने सुधारा है, उसके सामने का कोई विरोध इस देश की जनता नहीं सहन करेगी।***

# CONGRESS MP K. C. VENUGOPAL

કોંગ્રેસ સાંસદ કે. સી. વેણુગોપાલે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી 1937થી, એટલે કે 90 વર્ષથી પણ વધુ સમયથી 'વંદે માતરમ'નું ગાન કરી રહી છે. નવી દિલ્હીમાં મીડિયા સાથેની વાતચીતમાં શ્રી વેણુગોપાલે કહ્યું કે આ કોંગ્રેસ માટે એક ભાવનાત્મક મુદ્દો છે , જ્યારે ભાજપ માટે આ એક રાજકીય મુદ્દો છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# BANGLADESH PREZ

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વરિષ્ઠ નેતા મિર્ઝા ફખરુલ ઇસ્લામ આલમગીર આજે દેશના 23મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. રાષ્ટ્રીય સંસદમાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં 78 વર્ષીય નેતાને 255 મત મળ્યા. તેમણે ભૂતપૂર્વ સૈન્ય અધિકારી ઓલી અહેમદને હરાવ્યા , જે જમણેરી બાંગ્લાદેશ જમાત-એ-ઇસ્લામી અને દેશના પ્રથમ મુખ્ય વિદ્યાર્થી-નેતૃત્વવાળા રાજકીય પક્ષ નેશનલ સિટીઝન્સ પાર્ટીના નેતૃત્વ હેઠળના 11-પક્ષીય વિપક્ષી ગઠબંધનના ઉમેદવાર હતા.

# BHAVNAGAR TRAGEDY UPDATE

**ભાવનગરમાં બનાવટી માદક દ્રવ્યના સેવનથી સર્જાયેલી દુર્ઘટનામાં 21 લોકો સામે ગુનો દાખલ કરાયો છે અને 13 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે સ્ટેટ મોનિટરીંગ સેલના SP મયુર ચાવડાએ વધુ માહિતી આપી.**

**(BYTE: MAYUR CHAVDA, SP)**

***હાલ 21 આરોપીઓ જે FIR માં છે એમાં નરેન્દ્ર યાદવ છે એનું મૃત્યુ થયું છે. અમે લોકોએ 13 આરોપીને હસ્તગત કર્યા છે, રઈસનો જે મેઈન રોલ છે રઈસને અમારી ટીમ મધ્યપ્રદેશથી લાવીને ભાવનગર લઈ આવી છે , એને એરેસ્ટ કરવાનીને પૂછપરછ કરવાની પ્રક્રિયા ચાલુ છે. આ ઉપરાંત અન્ય જેના જેના રોલ નીકળશે એની અમે FIRમાં એડ કરીને આમાં ઇન્વોલ્વડ કોઈપણ વ્યક્તિને અમે છોડશું નહીં."***

**ઉલ્લેખનીય છે કે આ દુર્ઘટનામાં અત્યાર સુધી સાત લોકોના મોત થયા છે. બીજી તરફ 37 લોકો વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે જેમાં સાત દર્દીઓની હાલત હજુ ગંભીર છે.**

# BWF

નવી દિલ્હીમાં રમાઈ રહેલી BWF વિશ્વ ચેમ્પિયનશિપમાં ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય મહિલા ડબલ્સ જોડીએ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. ભારતીય જોડીએ શાનદાર રમતનું પ્રદર્શન કરતા જાપાનની રિન ઇવાનાગા અને કી નાકાનિશીને સીધી ગેમોમાં 21-16, 21-12થી પરાજય આપ્યો હતો.

ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની ભારતીય મિશ્ર ડબલ્સ જોડી ચીનની ગુઓ શિન વા અને ચેન ફેંગ હુઈ સામે 16-21, 5-21થી હારી ગઈ હતી. આજે મોડી સાંજે , ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન પી વી સિંધુ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં રમશે.

# DELHI MASTER PLAN 2047

સરકારે આજે દિલ્હી માસ્ટર પ્લાન 2047નું અનાવરણ કર્યું. આ પ્લાન દિલ્હીને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક , પર્યાવરણને અનુકૂળ અને સમાવેશી રાજધાનીમાં બદલવા માટે લાંબાગાળાનું માળખું પૂરું પાડે છે.

માસ્ટર પ્લાનનો ઉદ્દેશ્ય શહેરની વિશાળ વસ્તીની આવાસ જરૂરિયાતોને પૂરી કરવાનો છે. દિલ્હી માસ્ટર પ્લાન એક ઐતિહાસિક પહેલ છે જે રાજધાનીની વધતી વસ્તીને ટેકો આપશે અને વ્યાપક વિકાસને પ્રોત્સાહન આપશે.

# POJK-ANTI-PROTEST

પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર POJKમાં વિરોધ પ્રદર્શન સતત વધી રહ્યા છે , જેનાથી પાકિસ્તાનનો એ દાવો ખોટો સાબિત થઈ રહ્યો છે કે અશાંતિ માત્ર રાવલકોટ પૂરતી જ સીમિત છે. સંયુક્ત અવામી કાર્યવા હી સમિતિએ પાકિસ્તાનના આ દાવાને ફગાવતા કહ્યું છે કે વિરોધ પ્રદર્શન હવે સમગ્ર અધિકૃત વિસ્તારમાં ફેલાઈ ચૂક્યા છે. સમગ્ર વિસ્તારમાં રેલીઓના માધ્યમથી પ્રદર્શનોને વધુ તીવ્ર બનાવશે અને બહેતર આર્થિક સ્થિતિ તથા બંધારણીય અધિકારો માટે દબાણ લાવવાનું ચાલુ રાખશે.

આ વિરોધ પ્રદર્શનોએ પીઓજેકે પર ભારતનો પક્ષ વધુ મજબૂત કર્યો છે.